Vol. 6, Sp. Issue: 9, September: 2018 (IJRSML) ISSN: 2321 - 2853

# આણંદ જીલ્લાની બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓનું પ્રાયોગિક પાઠ પરત્વેનું મનોવલણ

ડૉ. બીના એમ. પારેખ
આચાર્યા, શ્રીમતી પી.કે.ઈનામદાર કોલેજ ઓફ એજ્યુકેશન,બાકરોલ (વલ્લભ વિદ્યાનગર)

**સારાંશ**
શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે પ્રવર્તમાન સમયમાં અનેક પ્રયાસો થઈ રહ્યા છે. શિક્ષણની ગુણવત્તાના ધોરણો ઊંચા લાવવાના સંદર્ભમાં દેસાઈ (૧૯૬૭) જણાવે છે કે, "શિક્ષણની ગુણવત્તાનું ધોરણ શિક્ષકોની ગુણવત્તા અને ક્ષમતાનાં ધોરણોથી ઊંચું લાવી શકાય નહી. શિક્ષકોની તાલીમની સંગીન અને પર્યાપ્ત વ્યવસ્થા કરવી એ કેળવણીનું ધોરણ ઊંચું લાવવાની એક બુનિયાદી શરત છે." આમ, કેળવણીનું ધોરણ ઊંચું લાવવાના હેતુને ધ્યાનમાં રાખીને શિક્ષક પ્રશિક્ષણ તાલીમી કાર્યક્રમોને વિશેષ ધ્યાન અપાઈ રહ્યું છે. આ તાલીમ અંતર્ગત તાલીમાર્થીને કુશળ શિક્ષક બનાવવાના ઉદ્દેશ્યથી વિવિધ પ્રાયોગિક અને સૈદ્ધાંતિક બાબતોનું જ્ઞાન આપવામાં આવે છે. તેમાં પણ પ્રાયોગિક જ્ઞાન તરફ સવિશેષ ધ્યાન આપવામાં આવે છે. શિક્ષક પ્રશિક્ષણ તાલીમના અભ્યાસક્રમનો સૌથી અગત્યનો ભાગ એટલે પ્રાયોગિક પાઠ. આ પ્રાયોગિક પાઠ સરદાર પટેલ યુનિવર્સિટી બી.એડ્. કોલેજના અભ્યાસક્રમનું અગત્યનું અંગ છે જેથી બી.એડ્. ના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ છે. આથી આ પ્રાયોગિક પાઠ પરત્વે બી.એડ્. ના તાલીમાર્થીઓ કેવું મનોવલણ ધરાવે છે. તે જાણવાના ઉદ્દેશ્યથી પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

**ચાવીરૂપ શબ્દો :-** બી.એડ્. કોલેજ, તાલીમાર્થી, પ્રાયોગિક પાઠ, મનોવલણ

## ૧. પ્રસ્તાવના
સામાન્ય વ્યક્તિનું નિષ્ણાંત શિક્ષકમાં પરિવર્તન કરવા પૂર્વ સેવાકાલીન શિક્ષણ-પ્રશિક્ષણ આવશ્યક છે. પ્રશિક્ષણ વિનાનું જીવન સઢ વિનાના વહાણ જેવું છે. તેવી જ રીતે પ્રશિક્ષણ લીધા વિનાના શિક્ષકને શિક્ષણકાર્ય સોંપવું તે પણ સલાહભર્યું નથી. તાલીમ એ વ્યવહારકાર્ય સાથે સંકળાયેલ હોય છે. આ તાલીમ અંતર્ગત તાલીમાર્થીઓને કુશળ શિક્ષક બનાવવાના ઉદ્દેશ્યથી વિવિધ પ્રાયોગિક અને સૈદ્ધાંતિક બાબતોનું જ્ઞાન આપવામાં આવે છે. તેમાં પણ પ્રાયોગિક જ્ઞાન તરફ સવિશેષ ધ્યાન આપવામાં આવે છે. શિક્ષણ પ્રશિક્ષણ તાલીમના અભ્યાસક્રમનો સૌથી અગત્યનો ભાગ એટલે પ્રાયોગિક પાઠ. આ પ્રાયોગિક પાઠ એ વર્ગખંડ કૌશલ્યો વિકસાવવા માટેનું શ્રેષ્ઠ માધ્યમ ગણાય છે. જેના દ્વારા અનેકવિધ વર્ગખંડ કૌશલ્યો વિકસાવી અને અસરકારક અધ્યાપન કાર્ય કરાવી શકાય છે.

## ૨. હેતુઓ
૧. બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓનું પ્રાયોગિક પાઠ પરત્વેનું મનોવલણ જણવા માટે મનોવલણ માપદંડની સંરચના કરવી.
૨. બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓના પ્રાયોગિક પાઠ પરત્વેના મનોવલણ પર તેમની જાતીયતા, કોલેજ પ્રકાર અને વિદ્યાશાખાની અસર તપાસવી.

## ૩. ઉત્કલ્પના
૧. બી.એડ્. કોલેજના પુરૂષ તાલીમાર્થીઓ અને સ્ત્રી તાલીમાર્થીઓના પ્રાયોગિક પાઠ પરત્વેના સરેરાશ મનોવલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
૨. અનુદાનિત અને સ્વનિર્ભર બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓના પ્રાયોગિક પાઠ પરત્વેના સરેરાશ મનોવલણાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

## ૪. ચલ
૧. **ગૌણ સ્વતંત્ર ચલ:** જાતીયતા (પુરૂષ, સ્ત્રી),કોલેજનો પ્રકાર (અનુદાનિત, સ્વનિર્ભર), વિદ્યાશાખા (સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ)

૨. **અંકુશિત ચલ:** અભ્યાસની કક્ષા (બી.એડ્.), વિસ્તાર (આણંદ જીલ્લો), શિક્ષણનું માધ્યમ (ગુજરાતી), વિષય (પ્રાયોગિક પાઠ)

### ૫. વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં આણંદ જીલ્લાની બી.એડ્. કોલેજમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### ૬. નમૂનો

પ્રસ્તુત સંશોધનમાં ૧ અનુદાનિત બી.એડ્. કોલેજ અને ૧ સ્વનિર્ભર બી.એડ્. કોલેજને પસંદ કરવા આકસ્મિક નમૂના પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો અને નમૂનાના પાત્રો પસંદ કરવા માટે સ્તરીકૃત યાદચ્છિક નમૂના પસંદગી પદ્ધતિનો ઉપયોગ થયો હતો.

### ૭. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન માટે વર્ણનાત્મક સંશોધન પદ્ધતિઓ પૈકી સર્વેક્ષણ પ્રકારની પદ્ધતિ પસંદ કરેલી હતી, અને પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ થયો હતો.

### ૮. સંશોધન ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણની સંરચના લિકર્ટ પદ્ધતિથી કરવામાં આવી હતી. મનોવલણ માપદંડ તૈયાર કરવા માટે બી.એડ્. ના તાલીમાર્થીઓની મુલાકાત લઈને તાલીમાર્થીઓ સાથે પ્રાયોગિક પાઠ પર ચર્ચા કરી હતી. તેમજ માપદંડના એકત્રિત વિધાનો તજજ્ઞોને અભિપ્રાય માટે આપ્યા હતા. ત્યાર બાદ તજજ્ઞના જણાવ્યા મુજબ ફેરફાર કરી વિધાનોનું વિગતે વિશ્લેષણ કરી આખરી વલણ માપદંડ માટે કુલ ૪૦ વિધાનો પસંદ કર્યા હતા. જેમાં ૨૦ હકારાત્મક વિધાનો અને ૨૦ નકારાત્મક વિધાનો પસંદ કર્યા હતા જે નમૂનાના પાત્રોને આપી પ્રતિચારો મેળવ્યાં હતા.

### ૯. માહિતીનું પૃથક્કરણ

પ્રસ્તુત સંશોધનમાં માહિતીના પૃથક્કરણ માટે દરેક જૂથની સરાસરી, પ્રમાણ વિચલન, પ્રમાણભૂલ અને ટી-મૂલ્ય જેવા આંકશાસ્ત્રીય પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં અભ્યાસના હેતુઓ અને ચલો અનુસાર માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું.

**બી.એડ્. ના પુરૂષ અને સ્ત્રી તાલીમાર્થીઓના જૂથોના સરેરાશ મનોવલણાંક વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | સરાસરીનો તફાવત | સરાસરીના તફાવતની પ્રમાણભૂલ | ટી-ગુણોત્તર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પુરૂષ તાલીમાર્થીઓ | ૪૫ | ૧૪૪.૭૧ | ૧૧.૦૯ | ૪.૪૮ | ૧.૬૮ | ૨.૬૬ |
| ૨ | સ્ત્રી તાલીમાર્થીઓ | ૧૨૫ | ૧૪૦.૨૩ | ૯.૧૩ | | | |

*૦.૦૧ કક્ષાએ સાર્થક*

બી.એડ્. ના પુરૂષ તાલીમાર્થીઓના વલણાંકની સરાસરી ૧૪૪.૭૧ અને સ્ત્રી તાલીમાર્થીઓના વલણાંકની સરાસરી ૧૪૦.૨૩ હતી. પુરુષ તાલીમાર્થીઓ અને સ્ત્રી તાલીમાર્થીઓના વલણાંકની સરાસરી વચ્ચે ૪.૪૮ નો તફાવત હતો અને સરાસરી તફાવતની પ્રમાણભૂલ ૧.૬૮ હતી આ તફાવતનું 'ટી' મૂલ્ય ૨.૬૬ હતું જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું. આથી શૂન્ય ઉત્કલ્પના એકનો સ્વીકાર થયો હતો. આ ઉપરથી કહી શકાય કે બી.એડ્. ના પુરુષ તાલીમાર્થીઓ અને સ્ત્રી તાલીમાર્થીઓનું પ્રાયોગિક પાઠ પરત્વેનું મનોવલણ ભિન્ન હતું.

**બી.એડ્. ની અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજનાતાલીમાર્થીઓના સરેરાશ મનોવલણાંક વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | સરાસરીનો તફાવત | સરાસરીના તફાવતની પ્રમાણભૂલ | ટી-ગુણોત્તર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અનુદાનિત કોલેજના તાલીમાર્થીઓ | ૪૪ | ૧૪૨.૦૦ | ૮.૬૦ | ૧.૭૯ | ૧.૭૩ | ૦.૪૫ |
| ૨ | સ્વનિર્ભર કોલેજના તાલીમાર્થીઓ | ૧૨૬ | ૧૪૧.૨૧ | ૧.૨૮ | | | |

*૦.૦૫ કક્ષાએ સાર્થક*

અનુદાનિત કોલેજના તાલીમાર્થીઓના વલણાંકોની સરાસરી ૧૪૨.૦૦ અને સ્વનિર્ભર કોલેજના તાલીમાર્થીઓના વલણાંકોની સરાસરી ૧૪૧.૨૧ હતી આ બંને જૂથોની સરાસરી વચ્ચે તફાવત ૧.૭૯ અને સરાસરી તફાવતની પ્રમાણભૂલ ૧.૭૩ હતી. આ તફાવતનું ટી-મૂલ્ય ૦.૪૫ હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો ન હતો. આ ઉપરથી કહી શકાય કે, અનુદાનિત અને સ્વનિર્ભર બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓના પ્રાયોગિક પાઠ પરત્વેના વલણમાં સમાનતા હતી.

**૧૦. તારણો**

૧. બી.એડ્. ના પુરૂષ તાલીમાર્થીઓ અને સ્ત્રી તાલીમાર્થીઓના પ્રાયોગિક પાઠ પરત્વેના સરેરાશ મનોવલણાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો તેથી પુરૂષ તાલીમાર્થીઓ અને સ્ત્રી તાલીમાર્થીઓનું પ્રાયોગિક પાઠ પરત્વેનું મનોવલણ ભિન્ન હતું.
૨. અનુદાનિત અને સ્વનિર્ભર બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓના પ્રાયોગિક પાઠ પરત્વેના સરેરાશ મનોવલણાંકો વચ્ચે સાર્થક તફાવત ન હતો. તેથી અનુદાનિત અને સ્વનિર્ભર બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓનું પ્રાયોગિક પાઠ પરત્વેનું મનોવલણ સમાન હતું.

**સંદર્ભ સાહિત્ય**


1. અગ્રવાલ, જે.સી. (૧૯૬૬). એજ્યુકેશન એન્ડ ઈન્ટ્રોડકશન, દિલ્હી : આચાર્ય બુક ડેપો.
2. ઉચાટ, ડી.એ. (૨૦૦૩). સંશોધન ઉપકરણો, રાજકોટ :સ્વ. ડૉ. હરિભાઈ જી. દેસાઈ મેમોરિયલ બુક બેંક, શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
3. દેસાઈ, કૃ.ગો. (૨૦૦૧). મનોવૈજ્ઞાનિક પરિભાષા અને વિભાગના (સં). અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
4. બુચ, એમ.બી. (૧૯૯૦). ફિફ્થ સર્વે ઓફ રીસર્ચ ઈન એજ્યુકેશન, ન્યુ દિલ્હી: એન.સી.આર.ટી.
5. બુદ્ધદેવ, પી.વી. (૧૯૯૧). મનોવલણ અને તેનું માપન, રાજકોટ : અર્થ ગ્રાફિક્સ પ્રકાશન.